# 9 ઈ.સ. 1857નો સ્વાતંત્ર્યસંગ્રામ

ભારતમાં યુરોપીય પ્રજાના આગમન અને ખાસ કરીને ભારતમાં બ્રિટિશ શાસનની નીતિ-રીતિના પરિણામે રાષ્ટ્રવાદનો ઉદ્ભવ થયો હતો. ઈ.સ. 1857માં ભારતમાં એક મહત્ત્વની ઘટના બની. આ ઘટનાને ભારતમાં રાષ્ટ્રવાદના ઉદયનાં મહત્ત્વનાં પરિબળોમાં પ્રથમ ઘટના તરીકે ગણવામાં આવે છે.

## ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના ઉદ્ભવનાં કારણો

ભારતમાં અંગ્રેજોએ સત્તા મેળવવા માટે અપનાવેલી દમનકારી કૂટનીતિના (મુત્સદ્દીગીરીને) કારણે ભારતમાં બહોળા પ્રમાણમાં ઊભો થયેલો અસંતોષ એ ઈ.સ. 1857ના સંગ્રામનું મુખ્ય કારણ હતું. આ અસંતોષ કેમ ઊભો થયો તેનાં વિગતવાર કારણો હવે આપણે જોઈએ.

### સામાજિક અને ધાર્મિક કારણો

કંપની સરકારે સામાજિક સુધારણાની જે રીત અપનાવી હતી; તેણે લોકોમાં ભય ઊભો કર્યો હતો. તેમને લાગ્યું કે કંપની સરકાર ઈરાદાપૂર્વક ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવી, ભારતના ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરવા માગે છે. લશ્કરમાં, જેલોમાં તથા રેલવેમાં ભારતની સામાજિક વ્યવસ્થાની વારંવાર અવગણના કરવામાં આવતી. સમાજનો મોટો ભાગ એ સમયે રૂઢિચુસ્ત હતો, તેથી નવાં પરિવર્તનોએ તેનામાં અસંતોષ ઊભો કર્યો. પરિણામે કેટલાક લોકો પોતાના સામાજિક-ધાર્મિક માળખાને ટકાવી રાખવા આ સંગ્રામમાં જોડાયા.

### આર્થિક કારણો

એ સમયે અંગ્રેજોની આર્થિક નીતિ ભારતના ભોગે ઇંગ્લૅન્ડને સમૃદ્ધ બનાવવા માટેની હતી. પરિણામે ભારતીય સમાજના મોટા ભાગના વર્ગો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા. જમીનદારો અને ખેડૂતો જમીનવિહોણા બનતાં તેમણે સંગ્રામમાં ભાગ લીધો.

### રાજકીય કારણો

ઈ.સ. 1764ના બકસરના યુદ્ધમાં વિજય બાદ દીવાની સત્તા મળતાં, ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વિસ્તારવાદની નીતિ અપનાવી. કંપનીના અધિકારીઓએ અન્યાયી વિગ્રહો, કૂટનીતિઓ તથા અયોગ્ય જોડાણવાદથી ભારતના ઘણાખરા પ્રદેશો ઉપર સત્તા સ્થાપી હતી. આ નીતિનો ભોગ બનનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તથા બિહારના જાગીરદાર રાજા કુંવરસિંહ જેવા અનેક આગેવાનોએ આગળ જતાં આ સંગ્રામનું સુકાન સંભાળ્યું.

### લશ્કરી કારણો

વિશાળ ભારતમાં બ્રિટિશ સૈનિકો અને અધિકારીઓની સંખ્યા ઘણી ઓછી હતી. લશ્કરમાં ભારતીય અને અંગ્રેજ સૈનિકોનું પ્રમાણ લગભગ 6:1નું હતું. લશ્કરમાં ઉચ્ચ હોદ્દાઓ અંગ્રેજ અધિકારીઓ માટે અનામત રાખવામાં આવતા હતા. હિંદી સિપાહીઓને બઢતીની તકો ઘણી મર્યાદિત હતી. હિંદી અને અંગ્રેજી સિપાહીઓના પગારમાં પણ ઘણો મોટો તફાવત હતો. પાયદળના હિંદી સિપાહીને માસિક રૂપિયા 7 જ મળતા જ્યારે અંગ્રેજ સિપાહીને માસિક રૂપિયા 150 જેટલો ઊંચો પગાર મળતો. અંગ્રેજ અફસરો હિંદી સિપાહીઓને ઘણા હલકા અને તુચ્છ સમજતા હતા. તે સમયે ભારતીયો માટે સમુદ્ર ઓળંગવાની મનાઈ હતી. તેનું પાલન નહિ કરનારને પોતાના

સમાજમાં જ્ઞાતિ બહાર મૂકવાની ભારે સજા કરવામાં આવતી. આમ હોવા છતાં હિંદી સિપાહીઓને ફરજિયાત પણે વિદેશમાં બ્રિટિશ યુદ્ધો કરવા માટે મોકલવામાં આવતા. તેથી અન્ય હિંદીઓની જેમ સિપાહીઓને પણ લાગ્યું કે, તેમનો ધર્મ ભયમાં મુકાયો છે. સિપાહીઓ પણ ભારતીય સમાજનું એક અંગ હોવાથી, સામાન્ય પ્રજાએ ભોગવવા પડતાં દુ:ખોની સીધી અસર તેમના ઉપર પડતી.

### તાત્કાલિક કારણ

પરદેશી શાસન વિરુદ્ધ લોકોનો રોષ ક્રમશઃ જુદાં જુદાં ક્ષેત્રે વધતો જતો હતો. દરમિયાનમાં ઈ.સ. 1857ના જાન્યુઆરી મહિનામાં ભારતના લશ્કરમાં 'એનફિલ્ડ રાઈફલ' દાખલ કરવામાં આવી. તેમાં વપરાતી કારતૂસો બનાવવા માટે ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થતો હતો. આ કારતૂસોનો ઉપયોગ કરતી વખતે દાંત વડે તોડવી પડતી. ધાર્મિક દૃષ્ટિએ ગાય અને ડુક્કરનું માંસ ખાવાની મનાઈ હોવાથી અનુક્રમે હિંદુ અને મુસ્લિમ સૈનિકોની લાગણી દુભાઈ. અંગ્રેજો તેમને ધર્મભ્રષ્ટ કરવા માગે છે, તેવું તેઓને લાગ્યું. તેમણે તેમના ઉપરી અફસરોને આ અંગે ફરિયાદ કરી; પરંતુ તેનો સંતોષકારક ખુલાસો ન મળતાં સૌપ્રથમ બરાકપુરની 19મી પલટને આ ચરબીવાળા કારતૂસનો ઉપયોગ કરવાનો ઇન્કાર કર્યો. તેથી આખેઆખી પલટનને જ વિખેરી નાખવામાં આવી.

### સંગ્રામનું આયોજન અને મંગલ પાંડે

ઈ.સ. 1857ના મે મહિનાની 31મી તારીખે દેશભરમાં એક સાથે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની હકૂમત સામે સંગ્રામનું આયોજન હતું. નાનાસાહેબ પેશ્વા, બહાદુરશાહ ઝફર, કુંવરસિંહ, અવધના નવાબ વગેરે તેમાં સામેલ હતા. કુશળ અને બહાદુર સેનાપતિ તાત્યા ટોપે અને તીક્ષ્ણ બુદ્ધિથી આયોજન કરનાર રંગો બાપુજી તથા પ્રખર ધારાશાસ્ત્રી, પત્રકાર એવા અજીમુલ્લાખાન પણ મહેનત કરી રહ્યા હતા. સંગ્રામ માટે પ્રજાને તૈયાર કરવા સૈનિકો માટે પ્રતીક રૂપે રોટી અને પ્રજા માટે કમળનાં પ્રતીકો ગામડાંઓ સુધી પહોંચ્યાં. મૌલવી, પૂજારી, ભક્તો, ખેપિયાઓ, લોકનાયકો અને ઓલિયા તેમજ ભજનિકોએ લોકો સુધી આ સંદેશ પહોંચાડવામાં મોટો ભાગ ભજવ્યો.

એનફિલ્ડ રાઈફલમાં ગાય અને ડુક્કરની ચરબીવાળા કારતૂસ વાપરવાનો મંગલ પાંડેએ વિરોધ કર્યો. આ ઘટનાને લીધે 31મી મેએ નિશ્ચિત થયેલી સંગ્રામની શરૂઆત થોડા દિવસ વહેલી થઈ ગઈ. આયોજન ખોરવાયું પરિણામે વિપ્લવનું લક્ષ્ય પાર પાડી શકાયું નહિ.




9.1 મંગલ પાંડે

ઉત્તર પ્રદેશના બિલિયા વિસ્તારના નગવા ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલો અને 7 રૂપિયાના પગારથી બ્રિટિશ લશ્કરમાં જોડાયેલો મંગલ પાંડે 29મી માર્ચના રોજ સંગ્રામ માટે તૈયાર થઈ ગયો. 26 વર્ષનો મંગલ પાંડે યુદ્ધના પોશાકથી સજ્જ થઈ માથે તિલક લગાવીને મેદાનમાં આવ્યો. બાકીના સૈનિકોને પણ લલકાર્યા. જે સૈનિકો તેની સાથે હતા પણ 31મી મે સુધી રાહ જોવામાં સંમત હતા. મંગલ એટલી ધીરજ રાખી શક્યો નહિ. તેને પકડી લેવાનો હુકમ મેજર હ્યુસને આપ્યો, પણ કોણ માને ? મંગલની રાઈફલે તેને વિંધી નાખ્યો. બીજા અફસરને પણ મંગલે ધૂળ ચાટતો કર્યો ! હિંદી સૈનિકોએ ધરપકડ કરવાની ના પાડી. છેવટે બ્રિટિશ સૈનિકોનો ઘેરાવો વધતાં મંગલ પાંડેએ આત્મબલિદાનનો માર્ગ પસંદ કર્યો. લોહીથી લથપથ સિપાહીને તાબડતોડ હૉસ્પિટલ લઈ જવાયો, કેમ કે તેની પાસેથી 1857ના સંગ્રામના આયોજનની માહિતી મેળવવાની હતી. 6 એપ્રિલ,

1857ના રોજથી મંગલ પર સૈનિક અદાલતનું નાટક શરૂ થયું. આખીય કાર્યવાહી અંગ્રેજીમાં ચલાવવામાં આવી અને ફાંસીની સજા ફરમાવવામાં આવી; પરંતુ અંગ્રેજોને આ દેશભક્ત પાસેથી કશી જ માહિતી ન મળી. 8મી એપ્રિલે સવારના સાડા પાંચ વાગે તો મંગલ પાંડેને ફાંસી આપી દેવામાં આવી. આમ, શ્રી મંગલ પાંડે ઈ.સ. 1857ના સંગ્રામના પ્રથમ શહીદ બન્યા.

**પ્રવૃત્તિ**

શિક્ષકશ્રીની સૂચના મુજબ ભારતના રાજકીય નકશાના આધારે ઈ.સ. 1857 સંગ્રામના વ્યાપવાળા પ્રદેશોનાં રાજ્યોનાં નામ લખો.




**9.2 ઈ.સ. 1857 સંગ્રામના વ્યાપવાળા પ્રદેશો**

## સંગ્રામનો વ્યાપ અને આગેવાનો

### દિલ્લી અને બહાદુરશાહ ઝફર

મેરઠના સિપાઈઓ 11મી મેની સવારે દિલ્લી પહોંચી ગયા. તેઓએ ત્યાં રહેલા સિપાઈઓની સહાયથી દિલ્લીનો કબજો લઈ લીધો. 80 વર્ષના વૃદ્ધ બહાદુરશાહ ઝફરને સમજાવટને અંતે હિંદના સમ્રાટ તરીકે જાહેર કર્યો. બહાદુરશાહે સંગ્રામનું નેતૃત્વ સ્વીકારતાં સંગ્રામને પ્રોત્સાહન મળ્યું અને સંગ્રામ દેશના ઘણા ભાગોમાં ફેલાયો.



9.3 બહાદુરશાહ ઝફર

### કાનપુર અને નાનાસાહેબ

કાનપુરમાં 4 જૂન, 1857થી સંગ્રામ શરૂ થયો. સંગ્રામકારીઓએ શહેરનો કબજો સંભાળી લઈ પેશ્વા નાનાસાહેબને આગેવાની લેવાની ફરજ પાડી. 22 દિવસના ઘેરા બાદ અનાજ-પાણીનો પુરવઠો ખૂટી જતા અંગ્રેજોને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી.



9.4 નાનાસાહેબ



9.5 કુંવરસિંહ

### બિહાર અને કુંવરસિંહ

બિહારમાં પટણા, જગદીશપુર સંગ્રામનાં મુખ્ય કેન્દ્રો હતાં. જગદીશપુરના 70 વર્ષના જાગીરદાર કુંવરસિંહે સંગ્રામની આગેવાની લીધી. તેમણે એક નવયુવાનની જેમ અંગ્રેજો સામે લડી તેમનો વીરતાપૂર્વક સામનો કર્યો. એકવાર તેમને હાથના કાંડામાં ગોળી વાગી. ઘાનું ઝેર શરીરમાં વ્યાપી ન જાય એ માટે પોતે જ પોતાની તલવારથી હાથને કોણીમાંથી કાપી ગંગા નદીમાં પધરાવી દીધો હતો. તે મૃત્યુ પામ્યા તે પહેલાં તેમણે પોતાનું જગદીશપુર અંગ્રેજોના કબજામાંથી છોડાવી લીધું હતું.

## ઝાંસી અને વીરાંગના લક્ષ્મીબાઈ



ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈ એક વીરાંગના હતાં. તેમના દત્તક પુત્રનો ગાદી ઉપરનો હક અંગ્રેજોએ સ્વીકાર્યો ન હતો. આથી લક્ષ્મીબાઈ પણ સંગ્રામમાં જોડાયાં હતાં. તેઓ સંગ્રામમાં બાહોશ નેતાઓમાંના એક હતાં. તેમણે અંગ્રેજો સામે લડવા સ્ત્રીઓની એક સેના તૈયાર કરી હતી. તેઓ અંગ્રેજો સામે વીરતાપૂર્વક લડતા. અંગ્રેજ અધિકારીઓના મત મુજબ રાણી લક્ષ્મીબાઈ 1857ના સંગ્રામના આગેવાનોમાં શ્રેષ્ઠ સ્ત્રી-નેતા હતી.



9.7 સેનાપતિ તાત્યા ટોપે

## બાહોશ સેનાપતિ તાત્યા ટોપે

કાનપુરના આગેવાન નાનાસાહેબ પેશ્વાએ સૈન્યની આગેવાની બહાદુર અને શક્તિશાળી તાત્યા ટોપેને સોંપી. તાત્યા ટોપે નાનાસાહેબના ખૂબ જ વિશ્વાસુ વ્યક્તિ બન્યા. કાનપુર મુક્તિ માટેની સેનાનું સેનાપતિ - પદ તાત્યાએ કુનેહપૂર્વક સંભાળ્યું. એ તેમની જિંદગીનું પહેલું સેનાધિનાયક પદ હતું. પણ પછી તો બે વર્ષ સુધી તાત્યા ટોપે સમગ્ર દેશની સશસ્ત્ર ક્રાંતિ પર છવાઈ ગયા. તેમણે કાલ્પીને મુક્ત કર્યું. તાત્યા ટોપે જેટલાં યુદ્ધો કોઈ જ સેનાનીએ લડ્યાં ન હતાં.

આ ઉપરાંત પણ ઉત્તર ભારતમાં બરેલી, બનારસ, અલાહાબાદ, આગ્રા, આજમગઢ તથા ગોરખપુરમાં હિંદી સૈનિકો સંગ્રામમાં જોડાયા હતા. રાજપૂતાનામાં અજમેર, નસીરાબાદ, આબુ વગેરે તથા મધ્ય ભારતમાં ગ્વાલિયર, મંદસોર, ઈન્દોર અને ધારમાં પણ સંગ્રામનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. દક્ષિણ ભારતમાં સતારા, કોલ્હાપુર, સાવંતવાડી, નારગુડ અને ધારવાડમાં સંગ્રામકારીઓના પ્રયાસો વીરતાભર્યા પણ છૂટાછવાયા હતા.

## 1857નો સંગ્રામ અને ગુજરાત

ગુજરાતમાં સંગ્રામનો આરંભ અમદાવાદની 7મી લશ્કરી ટુકડીએ જૂન, 1857માં કર્યો હતો; પરંતુ તેને તરત જ દબાવી દેવામાં આવ્યો હતો. પંચમહાલનાં દાહોદ, ઝાલોદ અને ગોધરામાં જુલાઈ મહિનામાં સંગ્રામના બનાવો બન્યા હતા. સૈનિકોએ લોકોની મદદ વડે સરકારી કચેરીઓ કબજે કરી; પરંતુ છેવટે સરકારી દળોએ તેમને હરાવ્યા. પંચમહાલના નાયકડા લોકોનો સંગ્રામ લગભગ એક વરસ સુધી ચાલુ રહ્યો હતો.

ખેડા જિલ્લામાં આણંદના મુખી ગરબડદાસ પટેલે કોળી, નાયકડા વગેરે જાતિના આશરે 2000 લોકોને ભેગા કરી ખાનપુરના ઠાકોર જીવાભાઈના સાથથી સંગ્રામ છેડ્યો હતો. તેમને અંગ્રેજોનો સામનો કરવા માલાજી જોષી અને કૃષ્ણદાસ દવેએ પણ સાથ આપ્યો હતો. અંતે ગરબડદાસના સાથીઓ પકડાઈ જતાં તેમને સરકારે તોપને ગોળે ચઢાવ્યા. જ્યારે ગરબડદાસને દેશનિકાલની સજા રૂપે અંદમાન મોકલી આપ્યા; જ્યાં તેમનું અવસાન થયું.

ઈડરથી 16 માઈલ દૂર ચાંડુપ (ચાંડપ) ગામના લોકો નાથાજી અને યામાજીની આગેવાની સ્વીકારી સંગ્રામમાં જોડાયા. ઓખામંડળ અને બારાડી વચ્ચે નંદાણા ગામમાં બ્રિટિશ લશ્કરી છાવણી હતી. નૌસેનાનો સેનાપતિ ડોનાવન અધીરો બની 4 ઑક્ટોબરની વહેલી સવારે તો સૈન્ય લઈ બેટની ખાડીમાં પહોંચી ગયો. સામે હતો બેટ દ્વારકાનો કિલ્લો. ડોનાવને તોપમારાનો આદેશ આપ્યો. વાઘેરો પાસે તો આવી કોઈ આધુનિક યુદ્ધસામગ્રી હતી નહિ. કિલ્લા પર ધડાધડ ગોળા છૂટવા માંડ્યા. વાઘેર સ્ત્રીઓએ રસ્તો શોધી કાઢ્યો. તેમણે પોતપોતાનાં ઘેર ગાદલાં હતાં તે પલાળીને ભીના કર્યા અને કિલ્લા પર આવી. પુરુષોને કહ્યું કે તમે હથિયારોથી યુદ્ધ કરો અમે તોપગોળા આ ભીંજાયેલા ગોદડામાં ઝીલી લઈને ઠંડાગાર કરી દઈશું. આ કામ વાઘેર સ્ત્રીઓએ કર્યું. દુનિયાના ઇતિહાસમાં આવું ક્યાંય બન્યું નથી. આ એક એવી ઘટના છે; જેમાં પોતાના જાનની પરવા કર્યા વગર મહિલાઓએ અંગ્રેજ દુશ્મનોના તોપગોળાને ઝીલીને નકામા બનાવી દીધા હોય ! ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવું જ આ સાહસિક કામ હતું. આ બધી લક્ષ્મીબાઈઓ જ હતી, ગુજરાતની લક્ષ્મીબાઈઓ !!

ઉત્તર ગુજરાતમાં પાટણ, ખેરાલુ, ભિલોડા, મુડેટી વગેરે જગ્યાએ સ્થાનિક લોકોની સહાયથી સંગ્રામ થયો. આ ઉપરાંત ડિસેમ્બર, 1858માં સૈન્ય સાથે તાત્યા ટોપે ગુજરાતમાં આવી પંદર દિવસ પંચમહાલમાં રોકાયા હતા. અંગ્રેજ લશ્કર પાછળ પડતાં છેવટે તેમને વાંસવાડાનાં જંગલો તરફ જવાની ફરજ પડી હતી.

**વિચારો**

- 1857ના સંગ્રામના એક સૈનિક તરીકે તમે હોત તો તમે કેવું આયોજન કર્યું હોત ?
- અંગ્રેજ લશ્કર સામે સંગ્રામીઓને લડવામાં કેમ મુશ્કેલી પડતી હતી ?

## સંગ્રામનો અંત

સંગ્રામ દરમિયાન અંગ્રેજ સરકારને શસ્ત્રો અને સૈનિકોનો નવો પુરવઠો ઇંગ્લૅન્ડ, ઈરાન વગેરે સ્થળેથી મળ્યો હતો. ઈ.સ. 1857ની 10મી મેએ સંગ્રામની શરૂઆત થઈ હતી; પરંતુ ઈ.સ. 1857ના જૂનના અંતમાં તો અંગ્રેજો પાસે બનારસ અને અલાહાબાદ પુનઃ આવી ગયાં હતાં. જુલાઈના અંતમાં કાનપુર જીતી લીધું હતું. સપ્ટેમ્બર 1857માં દિલ્લી પાછું મેળવ્યું. બહાદુરશાહ અને તેની બેગમ ઝીનતમહલ કેદ પકડાયા, તેમના ત્રણ શાહજાદાઓનો અંગ્રેજોએ વધ કર્યો. બહાદુરશાહ અને તેની બેગમને બર્માની રાજધાની રંગૂનની જેલમાં રાખવામાં આવ્યાં જ્યાં તેમનાં મૃત્યુ થયાં.

માર્ચ, 1858માં લખનૌ પાછું મેળવ્યું. ઝાંસીની રાણીના જ એક વિશ્વાસઘાતીના કારણે ઝાંસીનું પતન થતાં; તે કાલ્પી તરફ ગયા. તેણે પછી પણ ખૂંખાર લડાઈ લડી વીરગતિ પામ્યા. જગદીશપુરના કુંવરસિંહને લડાઈમાં મરણતોલ ઘા વાગવાથી એપ્રિલ, 1858માં મૃત્યુ પામ્યા.

નાનાસાહેબ પેશ્વા અંતિમ પરાજય બાદ નેપાળ તરફ ગયા. પાછળથી તેમણે ભાવનગર જિલ્લાના શિહોર ગામે વસવાટ કર્યો હોવાનું મનાય છે. ઈ.સ. 1902માં તેમનું અવસાન થયું હોવાનું કહેવાય છે. એક પરિચિતે વિશ્વાસઘાત

કરી તાત્યાને સરકારી અફસરોના હવાલે કર્યા. સરકારે 18 એપ્રિલ, 1859ના રોજ તાત્યા ટોપેને ફાંસી આપી હોવાનો સરકારી અહેવાલ પ્રસિદ્ધ થયો છે. જોકે જુદાં જુદાં માધ્યમોના આધારે એવું જાણવા મળેલ કે તાત્યા તો છટકી ગયેલ પણ અન્ય ભળતી વ્યક્તિને ફાંસી અપાયેલ. તાત્યાએ જીવનનાં અંતિમ વર્ષો નવસારીમાં ગાળ્યાં હોવાનું મનાય છે.

**આટલું જાણો**

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સમૌ નામનું એક ગામ છે. ત્યાંની પ્રાથમિક શાળામાં એક ખાંભી છે, ત્યાં લખાયેલું છે કે : 29 નવેમ્બર 1857 અહીં ફાંસી અપાઈ હતી તે મગનલાલ (પાટણ) અને માધવજી (વિજાપુર)ને અંજલિ.

## સંગ્રામ નિષ્ફળ કેમ ગયો ?

સંગ્રામ કરનારાઓ અંગ્રેજો પાસેથી સત્તા પરત મેળવવામાં નિષ્ફળ ગયા, તેના માટે તેમનામાં રહેલી કેટલીક મર્યાદાઓ જવાબદાર હતી :

1. સંગ્રામમાં સંકલનનો અભાવ હતો. સંગ્રામ કેન્દ્રિય નેતાગીરીને બદલે માત્ર સ્થાનિક નેતાગીરી નીચે લડાયો. જ્યાં તાકાત ઓછી પડતી ત્યાં વધારાની નવી તાકાત, શસ્ત્રો અને સૈનિકોના સ્વરૂપમાં સહાય પહોંચાડવાની વ્યવસ્થા ન હતી.
2. સંગ્રામની શરૂઆત નિશ્ચિત તારીખ કરતાં વહેલી થઈ તેથી સંગ્રામ માટેનું આયોજન વેરવિખેર થઈ ગયું અને અંગ્રેજો ચેતી ગયા.
3. સંગ્રામનું ઉગ્ર સ્વરૂપ મોટે ભાગે ઉત્તર ભારતના કેટલાક વિસ્તારો પૂરતું મર્યાદિત હતું. મોટા ભાગના સમાજસુધારકો સીધી કે આડકતરી રીતે સંગ્રામમાં જોડાયા ન હતા. આ બતાવે છે કે સંગ્રામને ચેતનાથી ઊભરતા શિક્ષિતવર્ગનો ટેકો મળ્યો ન હતો.
4. વિશાળ ભારત તેની પ્રાદેશિક વિવિધતા માટે જાણીતો છે. જુદાં જુદાં રાજ્યના લોકોની ભાષા, ખોરાક, પહેરવેશ વગેરે જુદા જુદા છે. તેઓ બ્રિટિશ શાસન પહેલાં જુદી જુદી પ્રાદેશિક સત્તાઓ નીચે જીવતા આવ્યા હતા. તેથી હજી તેમનામાં ભારત મારું રાષ્ટ્ર છે કે અમે ભારતના નાગરિકો છીએ, એવી ભાવના પ્રજામાં કે રાજાઓમાં (આગેવાનોમાં) વિકાસ પામી ન હતી. ઘણા બધા રાજાઓ તો એ સમયે અંગ્રેજોના પક્ષમાં હતા અથવા તો ઉદાસીન હતા.
5. શીખો અને ગુરખાઓ અંગ્રેજોના પક્ષમાં રહીને લડતા. તેમણે સંગ્રામને નિષ્ફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.
6. સંગ્રામનાં લશ્કર, શસ્ત્રો અને સેનાપતિની સરખામણીમાં અંગ્રેજો વધારે ચઢિયાતા હતા.
7. જુદા જુદા આગેવાનો ભારતમાંથી અંગ્રજોને હરાવવાને બદલે પોતે ગુમાવેલ સત્તા પાછી મેળવવાના આશયથી લડતા હતા. તેથી તેઓ અન્ય માટે કે સમૂહ માટે લડ્યા નહિ.

**વિચારો**

આ સંગ્રામ નિષ્ફળ જવા પાછળનાં અન્ય કયાં કયાં કારણો જવાબદાર હશે ?

## પરિણામો અને અસરો

અંગ્રેજો પાસેથી સત્તા પાછી મેળવવાના મૂળ ધ્યેયમાં સંગ્રામ નિષ્ફળ ગયો છતાં તેનાં કેટલાંક યુગપરિવર્તક પરિણામો પ્રાપ્ત થયાં હતાં.

- ભારતમાં કંપની શાસનનો અંત આવ્યો અને ભારત બ્રિટિશ 'તાજ'ના સીધા શાસન હેઠળ આવ્યું.
- દેશી રાજ્યોની આંતરિક બાબતમાં દખલગીરી કરવાનું બંધ કરવામાં આવ્યું.
- અંગ્રેજ સરકારને ભારત પ્રત્યેની નીતિમાં ફેરફાર કરવાની ફરજ પડી.
- હિંદી સૈનિકોના પગાર, ભથ્થાં અને સગવડો વધારવામાં આવ્યા.
- ભારતના લોકોમાં રાષ્ટ્રવાદી ભાવના ઉત્પન્ન કરવામાં આ સંગ્રામે પ્રેરણા પૂરી પાડી.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1 ટૂંકમાં જવાબ આપો :**

1. ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના ઉદ્ભવનાં મુખ્ય કારણો કયાં હતાં ?
2. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના મુખ્ય આગેવાનો કોણ હતા ?
3. સ્વાતંત્ર્યસંગ્રામનું શું પરિણામ આવ્યું ?

**પ્રશ્ન 2 એક-બે વાક્યમાં જવાબ આપો :**

1. લશ્કરમાં હિન્દી-અંગ્રેજી સૈનિકોનું પ્રમાણ કેટકેટલું હતું ?
2. 1857ના સંગ્રામનું તાત્કાલિક કારણ કયું હતું ?
3. 1857ના સંગ્રામમાં પ્રથમ શહીદ કોણ હતું ?
4. દિલ્લીના છેલ્લા મુઘલ બાદશાહ કોણ હતા ?
5. કુંવરસિંહ કઈ રીતે વીરગતિ પામ્યા ?
6. નાનાસાહેબની વિશ્વાસપાત્ર વ્યક્તિ કોણ હતી ?
7. ખેડા જિલ્લામાં સંગ્રામની આગેવાની કોણે લીધી હતી ?
8. તાત્યા ટોપે ગુજરાતના કયા જિલ્લામાં રોકાયા હતા ?
9. ઉત્તર ગુજરાતમાં કયા કયા સ્થળે સંગ્રામ થયો હતો ?

**પ્રશ્ન 3 ખાલી જગ્યા પૂરો :**

1. ઈ.સ. 1857માં ભારતના લશ્કરમાં .................... રાઈફલ દાખલ કરવામાં આવી.
2. જગદીશપુરના જાગીરદાર .................... એ સંગ્રામની નેતાગીરી લીધી હતી.
3. કાનપુર મુક્તિ માટેની સેનાનું સેનાપતિનું પદ .................... એ કુનેહપૂર્વક સંભાળ્યું હતું.
4. ઝાંસીની રાણી .................... એ 1857ના સંગ્રામમાં અંગ્રેજો સામે લડત આપી.

■

# પુનરાવર્તન - 2

## ચાલો ફરીથી યાદ કરીએ

- ભારતમાં યુરોપીય પ્રજાનું આગમન, કોલંબસ, વાસ્કો-દ-ગામા, પોર્ટુગીઝો, ડચ, ફ્રેન્ચો, અંગ્રેજો.
- પ્લાસીનું યુદ્ધ, બકસરનું યુદ્ધ.
- મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જીવાવરણ.
- બંધારણ અને તેનાં મુખ્ય લક્ષણો
- સમાજજીવન, ભારતીય વેપાર અને ઉદ્યોગનો વિનાશ.
- ખેડૂતોની ખરાબ સ્થિતિ અને અંગ્રેજશાસનના સુધારા.
- હવામાન, આબોહવા, ગ્લોબલ વૉર્મિંગ.
- સંસદ : લોકસભા, રાજ્યસભા.
- 1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ માટેનાં સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય કારણો; પરિણામો અને અસરો.
- 1857નો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ અને ગુજરાત.

## ચાલો સમજીએ

- ભારતમાં કઈ કઈ યુરોપીય પ્રજાઓ વેપાર કરવા આવી ?
- કયાં બે યુદ્ધો પછી અંગ્રેજો ભારતમાં પોતાનો વેપાર વધારી શક્યા ?
- 'આવરણો' એટલે શું ?
- 'બિનસાંપ્રદાયિકતા' એટલે શું ?
- ભારતના ગૃહઉદ્યોગો શા માટે નાશ પામ્યા ?
- ઈ.સ. 1857માં અંગ્રેજશાસન સામે સંગ્રામ શા માટે ફાટી નીકળ્યો ?
- સંસદનાં કાર્યો
- 'ગ્લોબલ વૉર્મિંગ' એટલે શું ?

## આ વિશે વિચાર કરીએ

- પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજો હારી ગયા હોત તો ?
- વિવિધ આવરણોને માનવજીવન સાથે સીધો સંબંધ છે, એવું શાથી કહી શકાય ?
- રોજિંદા વપરાશની ચીજવસ્તુઓ જેવી કે સાબુ, શેમ્પૂ, પાઉડર વગેરે બનાવતાં કારખાનાં વાતાવરણ માટે કેમ નુકસાનકારક છે ?
- શું આજે એવા કોઈ નિયમો છે, જે દેશની બહાર ઘડાય છે, તેનું પાલન આપણે આપણા દેશમાં કરવું પડે ?


- ગરમ પાણીના ઝરા આશીર્વાદ રૂપ છે ? શા માટે ?
- વિપ્લવનાં કાર્યોમાં બલિદાનની તીવ્ર ભાવના હોવા છતાં વિપ્લવ કેમ નિષ્ફળ થયો ?

**જાતે કરીને ચકાસો**

- વાતાવરણની શુદ્ધિ જાળવવા તમે કયા કયા પ્રયત્નો કરશો તેની નોંધ તૈયાર કરો.
- અંગ્રેજશાસનની ભારતના ખેડૂતો પર કેવી અસરો થઈ ? નોંધો.
- આપણા બંધારણની મુખ્ય વિશેષતાઓની નોંધ કરો.

■

# રસ્તો શોધી શાળામાં પહોંચો



**નોંધ :** શિક્ષકશ્રીની મદદથી નીચેના પ્રશ્નોની ચર્ચા કરી, નોંધ તૈયાર કરો :

1. રસ્તામાં શું-શું જોયું ?
2. તેમાં તમને શું-શું ગમ્યું ? કેમ ?
3. તેમાં તમને કઈ જગ્યા ન ગમી ? કેમ ?
4. જોયેલી દરેક જગ્યા વિશે બબ્બે વાક્યો લખો.

## શાળા પંચાયતની ચૂંટણી

- તમારી શાળાપંચાયતની ચૂંટણીમાં તમે ઉમેદવારી કરી છે તો, નીચેની બાબતો વિશે તમે શું વિચારો છો તે લખો.

1. તમારા પક્ષનું નામ :

.............................................................................................................................................

2. તમારા પક્ષનું પ્રતીક :

3. તમારા પક્ષની જાહેરાતો કઈ કઈ હશે ?

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

4. તમારા મંત્રીમંડળમાં કયાં કયાં ખાતાં હશે ?

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

5. તમારા પક્ષનું બેનર :

6. પ્રચાર માટે શું કરશો ? કોની મદદ લેશો ?

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

7. તમારા પક્ષ માટે કેવો S.M.S. કરશો ?

Vote For Dhruv

.............................................................................................................................

## આપત્તિઓ વિશે અને વેબસાઇટ એડ્રેસ

તમે વાંચેલા સમાચારમાંથી કુદરતી પ્રકોપ (આપત્તિઓઓ)ની મુખ્ય લાઇન લખો.

- આપત્તિ ક્યાં આવી હતી ?

  ..................................................

  ..................................................

  ..................................................

- આપત્તિ કેવા પ્રકારની હતી ?

  ..................................................

  ..................................................

  ..................................................

- આપત્તિથી શું નુકસાન થયું તેની નોંધ કરો.

  ..................................................

  ..................................................

  ..................................................

- આપત્તિના સમાચાર વાંચી તમને શું લાગ્યું ?

  ..................................................

  ..................................................

  ..................................................

- નીચે આપેલ વેબસાઇટ શિક્ષકની મદદથી જુઓ.

**Websites :**

**www.nationalgeographic.com/earthpulse**

**www.itihas.com**

**www.discovery.com**

**www.nationalgraphic.com**

**www.3datlas.com**

## પારિભાષિક શબ્દો

| શબ્દ | ઇંગ્લિશ શબ્દ | ઉચ્ચારણ |
|---|---|---|
| અક્ષાંશવૃત્ત | Latitude | લૅટિટ્યુડ |
| વિષુવવૃત્ત | Equator | ઈક્વેટર |
| ઉત્તર ગોળાર્ધ | North hemisphere | નોર્થ હેમિસ્ફિયર |
| દક્ષિણ ગોળાર્ધ | South hemisphere | સાઉથ હેમિસ્ફિયર |
| રેખાંશવૃત્ત | Longitude | લૉન્જિટ્યુડ |
| પરિભ્રમણ / ધરીભ્રમણ | Rotation | રૉટેશન |
| પરિક્રમણ / કક્ષાભ્રમણ | Revolution | રેવલ્યુશન |
| ઉચ્ચપ્રદેશ | Plateau | પ્લેટો |
| બાષ્પીભવન | Evaporation | ઈવેપરેશન |
| સાગર, સમુદ્ર, દરિયો | Sea | સી |
| મહાસાગર | Ocean | ઑશન |
| ઉપસાગર / ખાડી / અખાત | Bay | બે |
| પ્રમાણસમય | Standard Time | સ્ટાન્ડર્ડ ટાઈમ |
| પૃથ્વીનો ગોળો | Globe | ગ્લોબ |
| નકશો | Map | મૅપ |
| તાપમાન | Temperature | ટેમ્પરેચર |
| પવનવેગમાપક | Anemometer | એનિમોમીટર |
| સલ્તનત | Sultanate | સલ્તાનેટ |
| મતદાન | Voting | વૉટીંગ |
| શાસકપક્ષ | Ruling party | રુલિંગ પાર્ટી |
| વિરોધપક્ષ | Opposite party | ઓપોજિટ પાર્ટી |
| કર્કવૃત્ત | Tropic of cancer | ટ્રોપિક ઑફ કેન્સર |
| મકરવૃત્ત | Tropic of capricone | ટ્રોપિક ઑફ કેપ્રિકોન |
| રાજ્યપાલ | Governor | ગવર્નર |
| કારોબારી | Cabinet | કૅબિનેટ |
| ન્યાયતંત્ર | Judiciary | જ્યુડિસિયરી |
| સ્થાપત્ય | Architect | આર્કિટેક્ટ |
| કટિબંધ | Zone | ઝોન |

■

- રાજ્યોનાં નામની સામે તે રાજ્યનું પાટનગર શોધીને લખો :

## ભારતની રાજ્યવાર માહિતી

| | રાજ્ય | વિસ્તાર (ચો કિમી) | મુખ્ય ભાષા | પાટનગર |
|---|---|---|---|---|
| 1. | અરુણાચલ પ્રદેશ | 83,743 | મોન્યા, અકા, મીજી | ઈટાનગર |
| 2. | અસમ | 78,438 | અસમ | ______ |
| 3. | આંધ્રપ્રદેશ | 1,60,205 | તેલુગુ, ઉર્દૂ | ______ |
| 4. | ઉત્તરપ્રદેશ | 2,38,566 | હિન્દી, ઉર્દૂ | ______ |
| 5. | ઉત્તરાખંડ | 53,483 | હિન્દી, ગઢવાલી | ______ |
| 6. | ઓરિસ્સા | 1,55,707 | ઉડિયા | ______ |
| 7. | કર્ણાટક | 1,91,791 | કન્નડ | ______ |
| 8. | કેરળ | 38,863 | મલયાલમ | ______ |
| 9. | ગુજરાત | 1,96,024 | ગુજરાતી | ______ |
| 10. | ગોવા | 3,702 | કોંકણી, મરાઠી | ______ |
| 11. | છત્તીસગઢ | 1,35,191 | હિન્દી | ______ |
| 12. | જમ્મુ-કશ્મીર | 2,22,236 | કશ્મીરી, ઉર્દૂ, ડોગરી | ______ |
| 13. | ઝારખંડ | 79,714 | હિન્દી | ______ |
| 14. | તમિલનાડુ | 1,30,058 | તમિલ | ______ |
| 15. | ત્રિપુરા | 10,492 | બંગાળી, કોકબોરાક | ______ |
| 16. | નાગાલૅન્ડ | 16,579 | કોણ્યાક, અંગ્રેજી | ______ |
| 17. | પશ્ચિમ બંગાળ | 88,752 | બંગાળી | ______ |
| 18. | પંજાબ | 50,362 | પંજાબી | ______ |
| 19. | બિહાર | 94,164 | હિન્દી | ______ |
| 20. | મણિપુર | 22,327 | મણિપુરી | ______ |
| 21. | મધ્યપ્રદેશ | 3,08,144 | હિન્દી | ______ |
| 22. | મહારાષ્ટ્ર | 3,07,690 | મરાઠી | ______ |
| 23. | મિઝોરમ | 20,987 | મિઝો, અંગ્રેજી | ______ |
| 24. | મેઘાલય | 22,429 | ખાસી, ગારો, અંગ્રેજી | ______ |
| 25. | રાજસ્થાન | 3,42,239 | હિન્દી, રાજસ્થાની | ______ |
| 26. | સિક્કિમ | 7,096 | લેપ્ચા, ભૂટિયા, હિન્દી | ______ |
| 27. | હરિયાણા | 44,212 | હિન્દી | ______ |
| 28. | હિમાચલપ્રદેશ | 55,673 | હિન્દી, પહાડી | ______ |
| 29. | તેલંગાણા | 1,12,077 | તેલુગુ, ઉર્દૂ | ______ |

## રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર

| | રાજ્ય | વિસ્તાર (ચો કિમી) | મુખ્ય ભાષા | પાટનગર |
|---|---|---|---|---|
| 1. | દિલ્લી | 1483 | હિન્દી, પંજાબી, ઉર્દૂ | દિલ્લી |

## કેન્દ્રશાસિત પ્રદેશો

| | | | | |
|---|---|---|---|---|
| 1. | અંદમાન-નિકોબાર ટાપુઓ | 8249 | બંગાળી, હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ | પોર્ટબ્લેર |
| 2. | ચંદીગઢ | 114 | હિન્દી, પંજાબી | ચંદીગઢ |
| 3. | દમણ-દીવ | 112 | ગુજરાતી, મરાઠી | દમણ |
| 4. | દાદરા અને નગરહવેલી | 491 | ગુજરાતી, હિન્દી, ભિલી, ભિલોડી | સિલવાસા |
| 5. | પુડુચેરી | 492 | તમિલ, તેલુગુ, મલયાલમ, અંગ્રેજી | પુડુચેરી |
| 6. | લક્ષદ્વીપ | 32 | મલયાલમ | કૈવરત્તી (કાવરત્તી) |

# આપણા સ્વાતંત્ર્યસેનાનીઓ વિશે જાણીએ

- નીચે આપેલા ચોરસમાં સ્વાતંત્ર્યસેનાનીઓના ફોટા મેળવીને ચીપકાવી નીચે દર્શાવેલ માહિતી લખો :

- સ્વાતંત્ર્યસેનાનીનું નામ
- જન્મસ્થળ
- તેમનું કાર્ય

- સ્વાતંત્ર્યસેનાનીનું નામ
- જન્મસ્થળ
- તેમનું કાર્ય